# સેશન્સ કેસ નં.૧૦/૨૦૨૪ ના કામે ચાર્જશીટ તળે હુકમ

સદરહુ કેસ વિ.ચીફ જયુડી.મેજી.,ગીર સોમનાથ–વેરાવળ દવારા ફો.કે.નં.૫૭૦/૧૮ ના કામે તા.૧૬/૨/૨૦૨૪ ના રોજ, ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ ની કલમ–૩૨૩ અંતર્ગત પસાર કરવામાં આવેલ હુકમ આધારે સેશન્સ કોર્ટ સમક્ષ આગળની ન્યાયીક કાર્યવાહી માટે આવેલ છે.

વિ.ચીફ જયુડી.મેજી. કોર્ટ સમક્ષના ઉપરોકત કેસ કામે વિ.સ્પે.પી.પી. દવારા પ્રોસીકયુશન તરફે અસલ દસ્તાવેજી પુરાવાઓનું કોઇ લીસ્ટ રજુ કરેલ હોય તેવો નીર્દેશ મળતો નથી. વિ.ચીફ જયુડી.મેજી. કોર્ટ, વેરાવળના તા.૧૬/૨/૨૪ ના રોજના હુકમથી કેસ સેશન્સ કોર્ટમાં આવતા, આ કેસને સેશન્સ કેસ નં.૧૦/૨૪ આપી આગળની કાર્યવાહી માટે કામ રહેલ અને હાલના કામે પ્રોસી. તરફે પી.પી.શ્રી કે.ડી.વાળાનાઓ તા.૧૫/૩/૨૪ ના રોજ હાજર થયેલ છે અને ત્યાર બાદ કેસ આગળની કાર્યવાહી માટે રહેલ હોવાનો નીર્દેશ મળે છે.

રેકર્ડ જોતા, હાલના સેશન્સ કેસ કામે પ્રોસી. તરફે વિ.પી.પી.શ્રી કે.ડી.વાળાનાઓએ હાજર થયા બાદ પણ આજદીન સુધી પ્રોસીકયુશન તરફે રજુ કરવાના થતા અસલ દસ્તાવેજી આધારો કે જેના ઉપર ટ્રાયલ દરમ્યાન પ્રોસીકયુશનનો આરોપી વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવા માટે આધાર રાખાવનો ઈરાદો છે, તેવા આધારો રજુ કરવામાં આવેલ નથી.

પ્રોસી. તરફથી જયાં સુધી આરોપી વીરુધ્ધના પોતાના હસ્તકના દસ્તાવેજી આધારો રજુ કરી પોતાનો કેસ ઓપન કરવામાં ન આવે ત્યાં સુધી આરોપી વીરુધ્ધના ગુના કામનુ ટ્રાયલ શરુ થઈ શકે નહી તેવા સંજોગો છે. આજદીન સુધી પ્રોસી. તરફથી પોતાના હસ્તકના દસ્તાવેજો તેઓ કયા કારણસર રજુ કરી શકતા નથી તે બાબતે કોઇ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી. આ બાબતને જેમની તેમ ધ્યાને લેતા સંભવત: વિ.પી.પી.શ્રી સમક્ષ કેસ કામના અસલ દસ્તાવેજો હજુ સુધી પહોંચ્યા જ નથી તેમ ગણી શકાય. જેથી કેસ કામના ત.ક.અમલદારશ્રીને તપાસ કામે કબજે લેવાયેલ અને ટ્રાયલ દરમ્યાન પ્રોસીકયુશન આરોપી વીરુધ્ધના ચાર્જશીટમાંના આક્ષેપો પુરવાર કરવા માટે જે દસ્તાવેજો ઉપર આધાર રાખવાનો પોતાનો ઈરાદો ધરાવે છે, તેવા તમામ દસ્તાવેજો રજુ કરવા ત.ક.અમલદારશ્રીને ફેર મુદત તા.૨૩/૮/૨૦૨૪ ના રોજ હાજર રહેવા સમન્સ કરવા હુકમ કરવામાં આવે છે.

ત.ક.અમલદારશ્રીને એવી તાકીદ પણ કરવામાં આવે છે કે, જો સમન્સમાં જણાવેલ તારીખે તેઓ હુકમમાં જણાવેલ વીગતે દસ્તાવેજો રજુ કરવા માટે જાતે થી હાજર રહેવામાં કસુર કરશે તો, તેઓના કબજાના દસ્તાવેજો હસ્તગત કરવા તથા તેમની અદાલત રુબરુની હાજરી સુનીશ્રીત કરવા અદાલતે નીયમ મુજબની કાર્યવાહી કરી આકરા પગલા લેવાની ફરજ પડશે.

હુકમની એક નકલ નોડલ ઓફીસરશ્રીને જાણ અને સબંધીતને તેમના તરફથી જરુરી સુચનો કરવા મોકલી આપવી.

હુકમ મુજબ પ્રોસેસ ઈસ્યુ કરવી.

હુકમ આજરોજ તા.૧૬/૦૮/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
સેશન્સ જજ
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)